# 21. તેજમલ

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો:

1) કોરા કાગળનો અર્થ...

(A) વાંચી ન શકાય તેવો પત્ર

(B) યુદ્ધની ધમકીભર્યો પત્ર

(C) કશું જ લખ્યું ન હોય તેવો પત્ર

(D) સફેદ રંગનો કાગળ

2) દાદા શા માટે રડતા હતા?

(A) દુશ્મનોના લશ્કરનો સામનો કરનાર પુત્રો નથી.

(B) દાદાના દીકરાઓ યુદ્ધમાં શહીદ થયા હતા.

(C) દાદાને પત્ર વાંચતાં આવડતું નથી.

(D) દાદાને તલવારના ઘા વાગ્યા હતા.

3) દળકટક વળાવી ઘરે પધારેલા તેજમલને...

(A) દાદાએ ખૂબ જ ઠપકો આપ્યો.

(B) દુશ્મનો માટે સહાનુભૂતિનો ભાવ થયો.

(C) હવે ક્યારેય યુદ્ધમાં ન જવાની પ્રતિજ્ઞા લેવડાવી.

(D) દાદા અને કાકાએ મોતીડાંથી વધાવ્યાં.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

4) નીચેનામાંથી કયું વિધાન તેજમલને લાગુ પડતું નથી?

(A) હૈયે હિમ્મત રાખો દાદા અમે વહારે ચડશું રે

(B) હાથનાં ત્રાજવા દાદા બાંયલડીમાં રહેશે રે

(C) તેજમલ સૌ સાથીડાની પાછળ રહ્યાં

(D) પગનાં ત્રાજવાં દાદા મોજડિયુંમાં રહેશે રે

## 2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

1) દાંત રંગાવ્યા બાબતે તેજમલ કયો ખુલાસો આપે છે ?

- તેજમલ નાનાં હતાં ત્યારે મોસાળ ગયાં હતાં. મોસાળમાં એમનાં હોંશીલાં મામીએ એમના દાંત રંગાવ્યા હતા.

2) સોનાની દુકાને તેજમલ કઈ કસોટીમાંથી પાર ઊતર્યાં તે જણાવો.

- તેજમલ પોતાના સાથીઓ સાથે સોનીની દુકાને ગયાં. ત્યાં પુરુષ અને સ્ત્રીની પરખ કરવાની હતી. સામાન્ય રીતે પુરુષો બેરખાંની કિંમત પૂછતા હોય છે અને સ્ત્રીઓ ઝૂમણાંની કિંમત પૂછતી હોય છે. અહીં તો અવળું થયું. તેજમલે બેરખાંની કિંમત પૂછી. આ રીતે સોનીની દુકાને તેજમલ પોતાની ઓળખ છુપાવવાની કસોટીમાંથી પાર ઊતર્યાં.

## 3. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

1) તેજમલને ઓળખવા સાથીઓએ કઈ કઈ પરીક્ષા કરી? અને આ પરીક્ષામાં તેજમલ કઈ રીતે પાર ઊતર્યાં? તમારા શબ્દોમાં લખો.

- યુદ્ધમાં દુશ્મનો પોતાને ઓળખી ન શકે એ માટે તેજમલે એક યુક્તિ વિચારી. તેજમલ ઠાકોર પોતાના સાથીઓને સૌપ્રથમ સોનીની દુકાને લઈ ગઈ. તે જાણતી હતી કે ત્યાં સ્ત્રી અને પુરુષ બંનેની કસોટી થઈ જશે, કેમ કે પુરુષ બેરખાંમાં મોહાશે અને સ્ત્રી એનાં ઝૂમણાંમાં મોહાશે; પરંતુ અહીં તો પુરુષો સ્ત્રીનાં ઝૂમણાંમાં મોહાયા, પણ તેજમલે તો બેરખાં પસંદ કર્યાં. એ પછી તેજમલ સાથીઓને વાણિયાની દુકાને લઈ ગઈ. ત્યાં પણ તેને થયું કે પુરુષ પાઘડીનાં મૂલ પૂછશે અને સ્ત્રી ચૂંદડીનાં મૂલ પૂછશે, પણ તેમ થયું નહિ. સાથીપુરુષોએ ચૂંદડીની કિંમત પૂછી અને તેજમલે મોળીડું પસંદ કર્યું. આ રીતે તેજમલ પરીક્ષામાં પાર ઊતર્યાં.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 2) સ્ત્રીસહજ કઈ કઈ લાક્ષણિકતાઓ કાવ્યમાં વર્ણવાઈ છે? એ લાક્ષણિકતાને છુપાવવા તેજમલની શી યુક્તિઓ છે ? વિગતે જણાવો?

- 'તેજમલ' લોકગીતમાં સ્ત્રીસહજ લાક્ષણિકતાઓ વર્ણવાઈ છે. સ્ત્રીઓ મોટા ભાગે માથે વાળનો અંબોડો વાળે છે. કાનમાં અકોટાં પહેરતી હોય છે. હાથ અને પગ પર છૂંદણાં છુંદાવતી હોય છે. દાંત રંગાવતી હોય છે અને નાક વીંધાવતી હોય છે. તેજમલમાં પણ આ જ સ્ત્રીસહજ લાક્ષણિકતાઓ હતી. જ્યારે તેજમલે યુદ્ધમાં લડવાની અને એ રીતે પિતાને મદદ કરવાની વાત કરી ત્યારે પિતાની મૂંઝવણ એ હતી કે તેજમલ ઓળખાઈ જશે. તેજમલ એમ કાંઈ હારે તેવી ન હતી. તેણે માથાના અંબોડામાં મોળિયું રાખી દીધું. કાનમાં પહેરેલાં અકોટાં ઢંકાઈ જાય એ માટે કાનની ફરતે બુકાની બાંધી દીધી. તેણે લાંબી બાંયની ચોળી પહેરીને હાથનાં છૂંદણાં છુપાવી દીધાં. પગમાં મોજડી પહેરીને પગનાં છૂંદણાં છુપાવી દીધાં. આમ, તેજમલે આવી યુક્તિઓ કરીને પોતાની સ્ત્રીસહજ લાક્ષણિકતાઓને છુપાવી દીધી.

## 4. કાવ્યપંક્તિ સમજાવો:

"શીદને રુવો છો દાદા શું છે અમને કહોને રે
દળકટક આવ્યું છે દીકરી વહારે કોણ ચડશે રે"

- દીકરી તેજમલ ઠાકોર દાદાને રડતાં જોઈને પૂછે છે કે, "દાદા, શા માટે રડો છો? શું કારણ છે એ અમને કહો." ત્યારે દાદાએ દીકરી તેજમલને કહ્યું: "આપણા રાજ્ય પર દુશ્મનોના સૈન્યએ આક્રમણ કર્યું છે. મારી મદદે કોણ આવશે?" સાત-સાત દીકરીના પિતાને એક પણ પુત્ર નથી. આથી આ દુશ્મનોને કોણ હરાવશે એની ચિંતાને કારણે દાદા રડી રહ્યા હતા.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in